P.07
કંગના રનૌતે પોતાની સુંદરતાથી રેમ્પ પર ધૂમ મચાવી દીધી



ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૭૪ । વિક્રમ સંવત ૨૦૮૧ : આસો વદ ૦૯ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 74 • Dt.15-10-2025 Wednesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

P.07
રશ્મિકા મંડન્ના અને વિજય દેવેરાકોંડાએ ગુપ્ત રીતે સગાઈ કરી



ટ્રમ્પ દ્વારા યુક્રેનને ટોમાહોક મિસાઇલો આપવાની જાહેરાતથી રશિયા ગુસ્સે ભરાયું

07



15
OCTOBER- 2025
WEDNESDAY



07

એલોન મસ્કને મોટી સફળતા મળી । સ્ટારશિપ રોકેટની ૧૧મી ટેસ્ટ લાઇટ સફળ રહી




The Demand for Cyber Security Professionals at All-Time high across the world.
Learn from the Most Experienced Trainer and One of India's Top Ethical Hackers and Cyber Security Expert Mr. FALGUN RATHOD
www.cyberoctet.com
Cyber Octet™
Learn more than 110 Topics | Task and Research based Training | 100% Placement Assistance
+91 74053 21234

**મોટી સંખ્યામાં ખેડૂતોએ એકઠા થઇને રેલી યોજી સૂત્રોચ્ચાર સાથે થરાદના જિલ્લા વિકાસ અધિકારીની કચેરીએ પહોંચીને વળતરની માગ સાથે ઉગ્ર રજૂઆત કરી આવેદનપત્ર આપ્યું હતું**

# વાવ-થરાદમાં કોંગ્રેસને સાથે રાખી હજારો ખેડૂતોએ અધિકાર મહારેલી યોજી

। પ્રતિનિધિ, પાલનપુર,તા.૧૪ ।

વાવ-થરાદ જિલ્લાના સરહદીય પંથક થરાદ, વાવ અને ધરણીધર તાલુકામાં અતિવૃષ્ટિને લઈને ખેડૂતોનો સંપૂર્ણ પાક નિષ્ફળ ગયો છે. આ બાબતે ખેડૂતોએ સરકારને કરેલી રજૂઆત બાદ એક મહિના કરતાં વધુ સમય વીતી ગયા બાદ પણ સરકાર દ્વારા ખેડૂતોને નુકસાનીનું વળતર ન ચૂકવાતા આજે રોષે ભરાયેલા થરાદ, વાવ અને ધરણીધર તાલુકાના ખેડૂતો મોટી સંખ્યામાં થરાદ વિશ્રામગૃહ ખાતે એકઠા થયા હતા અને સહાય માટેના ફોર્મ ભરી હાથમાં બેનર લઈને ખેડૂત અધિકાર રેલી વિરોધ નોંધાવ્યો હતો. મોટી સંખ્યામાં ખેડૂતોએ એકઠા થઈને રેલી યોજી સૂત્રોચ્ચાર સાથે થરાદના જિલ્લા વિકાસ અધિકારીની કચેરીએ પહોંચીને વળતરની માગ સાથે ઉગ્ર રજૂઆત કરી આવેદનપત્ર આપ્યું હતું અને ચીમકી ઉચ્ચારી હતી કે, જો વળતર નહીં ચૂકવાય તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરીશું. નોંધનીય છે કે, આ રેલીમાં કોંગ્રેસના નેતાઓ પણ જોડાયા હતા અને ખેડૂતોને તાત્કાલિક નુકશાનીનું વળતર ચૂકવવા માગ કરતા ચીમકી ઉચ્ચારી હતી કે, 'જો જલદી વળતર નહીં ચૂકવાય તો બોટાદની જેમ રાજુ કારપડાવાળી કરીશું' કહીને કચેરીમાં સરકારને સદબુદ્ધિ આવે તે માટે રામધૂન બોલાવી હતી.વાવ-થરાદ જિલ્લાના સુઈગામ, ભાભર અને વાવ-થરાદ અને ધરણીધર તાલુકામાં આવેલા ભારે વરસાદને લઈને અતિવૃષ્ટિ જેવા દૃશ્યો સર્જાયા હતા. જેથી આ વિસ્તારના તમામ ખેતરો પાણીમાં ગરકાવ થતા હજારો હેક્ટર જમીનમાં વાવેતર કરેલ ખેડૂતોનો પાક સંપૂર્ણપણે નિષ્ફળ ગયો છે અને ખેડૂતોને મોટું નુકસાન પહોંચ્યું છે.

## ચીમકી ઉચ્ચારી હતી કે, જો વળતર નહીં ચૂકવાય તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરીશું



અતિવૃષ્ટિ બાદ રાજ્યના મુખ્યમંત્રી અને કૃષિમંત્રીએ પણ આ વિસ્તારમાં મુલાકાત લઈને પરિસ્થિતિનો તાગ મેળવીને ખેડૂતોને પાક નુકશાનની સહાય ચૂકવવાની ખાતરી આપી હતી. જોકે તેને એક મહિના કરતાં વધુ સમય વીતી જવા છતાં પણ સરકાર દ્વારા કોઈ જ પ્રકારની સહાય ન ચૂકવતા ખેડૂતો રોષે ભરાયા છે અને વિરોધ નોંધાવી રહ્યા છે.આ વિરોધ અન્વયે થરાદ, વાવ અને ધરણીધર તાલુકાના ખેડૂતોએ થરાદના વિશ્રામગૃહ ખાતે મોટી સંખ્યામાં એકઠા થઈને સહાય માટેના ફોર્મ ભરી ખેડૂત અધિકાર રેલી યોજી હતી. જેમાં મોટી સંખ્યામાં ખેડૂતો સહિત કોંગ્રેસ નેતાઓ અને કાર્યકર્તાઓ પણ જોડાયા હતા. રેલી સ્વરૂપે સૂત્રોચ્ચાર કરતા થરાદ તાલુકા પંચાયત કચેરી પહોંચીને મોટી સંખ્યામાં ખેડૂતોને નુકશાનીના વળતર માટે ફોર્મ ભરીને જિલ્લા વિકાસ અધિકારીની કચેરીમાં આપ્યા હતા અને પાક નુકશાન, જમીન ધોવાણ સહિતના નુકસાનનું વળતર તાત્કાલિક ચૂકવવાની માગ સાથે જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપીને ઉગ્ર રજૂઆત કરી હતી અને ચીમકી પણ ઉચ્ચારી હતી કે, જો ખેડૂતોને તાત્કાલિક સહાય નહીં ચૂકવાય તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરીશું.બીજી તરફ ખેડૂતો સાથે ખેડૂત અધિકાર રેલીમાં કોંગ્રેસના કાર્યકર્તાઓ અને નેતાઓ સાથે જોડાઈને થરાદ જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર પાઠવી, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ગુલાબસિહ રાજપુતે સરકાર ઉપર આક્ષેપ કરતા કહ્યું કે, ૩૦ દિવસ વીતવા છતાં પાક નુકશાની અને જમીન ધોવાણનું વળતર નથી ચૂકવાયું, તો ઘરવખરી અને કેશડોલ પણ યોગ્ય રીતે અપાયું નથી.

**પરમિટ ફ્રોડના નામે વધારે નાણા પડાવતા ત્રણ આરોપી ઝડપાયા**

## સાસણગીર ગીર જંગલ સફારીની ઓનલાઈન બુકિંગમાં ગોલમાલ



**આરોપીઓને સીઆઇડી સાઇબર ક્રાઇમની ટીમે જૂનાગઢથી ઝડપી મોટા કૌભાંડ અંગે ખુલાસો કર્યો**

। પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૧૪ ।

આરોપીઓને સીઆઈડી સાઈબર ક્રાઈમની ટીમે જૂનાગઢથી ઝડપી મોટા કૌભાંડ અંગે ખુલાસો કર્યો છે. કૌભાંડ અંગે હકીકત એવી છે કે ગીર જંગલ સફારી અને દેવડીયા જીપ્સી સફારીમાં સામાન્ય રીતે ટુરિસ્ટ બુક કરાવે તો હાઉસફૂલ દેખાતું, પરંતુ એજન્ટ તેમને કન્ફર્મ સફારી બુકિંગ કરાવી આપતા હોવાની ફરિયાદ મળી હતી. જે આધારે સીઆઈડી ક્રાઈમની ટીમે તપાસ કરતા અમદાવાદના અલ્પેશ ભલાણી, જૂનાગઢના સુલતાન બલોચ અને એજાઝ શેખ નામના શખ્સોની ટોળકી દ્વારા ડમી બુકિંગથી સફારીમાં ટિકિટની અછત ઊભી કરતા હતા.પકડાયેલા આરોપીઓની પૂછપરછ કરતા સામે આવ્યું હતું કે આરોપીઓ દ્વારા છેલ્લા એકાદ વર્ષમાં ૧૨,૮૦૦થી વધારે પરમિટ બુકિંગને કન્ફર્મ ટિકિટમાં કન્વર્ટ કરીને ટૂરિસ્ટો પાસેથી ત્રણથી ચાર ગણા ભાવ વસૂલ્યા હતા. એટલું જ નહીં આ કેસની તપાસ દરમિયાન સીઆઈડી સાઈબર ક્રાઈમે બે વર્ષનો એડવાન્સ બુકિંગ સ્લોટ તપાસ કરતા ૮૩ હજારથી વધુ પરમિટ બુકિંગ થઈ હોવાનું ખુલ્યું હતું. એટલું જ નહીં આ ગેંગ દ્વારા ૯ ફેક વેબસાઈટ અને અનેક ઈ-મેઈલ આઈ.ડી.નો ઉપયોગ કરી બુકિંગ મેળવવામાં આવતા હતા.સીઆઈડી સાઈબર ક્રાઈમે આખાય સફારી બુકિંગ કૌભાંડ અંગે તપાસ કરતા સામે આવ્યું હતું કે આ ટોળકી પોતાની અલગ જ મોડસ ઓપરેન્ડીથી સરકારી વેબસાઈટ પર એડવાન્સ બુકિંગ કરાવવા માટે કોઈપણ નામ લખી અને પુરાવા રૂપે આધાર કાર્ડની જગ્યાએ ફોટાનો ઉપયોગ કરી એડવાન્સમાં બુકિંગ કરાવતા હતા. બાદમાં સફારી પરમિટની કૃત્રિમ અછત ઊભી કરી બુકિંગ કરાવવા ઈચ્છતા પર્યટકોને કન્ફર્મ ટિકિટ આપવાનું કહીને ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના વ્યક્તિઓ સાથે સંકલન કરી અનઅધિકૃત રીતે વેચાણ કરવા તેમણે પોતાની ફેક વેબસાઈટ દ્વારા વધારાના ભાવ વસૂલી ટૂરિસ્ટોને છેતર્યા હતા. પોલીસ તરફથી પર્યટકો કે જંગલ સફારી જવા ઈચ્છુકો ટૂરિસ્ટોને સલાહ છે કે તેઓ બુકિંગ કરતી વખતે સરકારની વેબસાઈટનો જ ઉપયોગ કરે. અન્ય ભળતી બુકિંગ વેબસાઈટની જાહેરાત પર ક્લિક ન કરે. આરોપીઓને સીઆઈડી સાઈબર ક્રાઈમની ટીમે જૂનાગઢથી ઝડપી મોટા કૌભાંડ અંગે ખુલાસો કર્યો છે.

**ગુજરાતના ભાવનગરમાં ચોંકાવનારી ઘટના સામે આવી**

**પોલીસે વાઘાવાડી રોડ પર આવેલા ઈવા સુરભી કોમ્પ્લેક્સમાં કાર્યરત ત્રણ સ્પા સેન્ટરો પર એક સાથે દરોડા પાડ્યા, જેમાં એક મોટા દેહવ્યાપારનો પર્દાફાશ થયો**

## ભાવનગર શહેરમાં મચ્યો હાહાકાર । સ્પાની આડમાં દેહવ્યાપારનું મોટું રેકેટ ઝડપાયું !!

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૧૪ ।

ગુજરાતના ભાવનગરમાં ચોંકાવનારી ઘટના સામે આવી, જેમાં શહેરના સ્પા ઉદ્યોગની વાસ્તવિકતાનો પર્દાફાશ થયો. પોલીસે વાઘાવાડી રોડ પર આવેલા ઈવા સુરભી કોમ્પ્લેક્સમાં કાર્યરત ત્રણ સ્પા સેન્ટરો પર એક સાથે દરોડા પાડ્યા, જેમાં એક મોટા દેહવ્યાપારનો પર્દાફાશ થયો. "સ્પા અને થેરાપી" ની આડમાં ચાલતી પ્રવૃત્તિઓ જોઈને પોલીસ અધિકારીઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા.નિલમબાગ પોલીસ, ઘોઘા રોડ પોલીસ સ્ટેશનની ટીમ અને માનવ તસ્કરી વિરોધી એકમ દ્વારા સંયુક્ત કાર્યવાહીમાં, "અવેદા," "મહાસાગર," અને "આઈકોનિક" નામના સ્પા સેન્ટરો પર દરોડા પાડવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન, નાના કેબિનમાં યુવક-યુવતીઓ આપત્તિજનક સ્થિતિમાં મળી આવ્યા હતા.આ કાર્યવાહીમાં કુલ ૧૦ છોકરીઓને આ ગેરકાયદેસર દલદલમાંથી મુક્ત કરાવવામાં આવી. પોલીસના જણાવ્યા અનુસાર, આ બધી છોકરીઓને અલગ અલગ રાજ્યોમાંથી લાવવામાં આવી હતી. સ્પા સેન્ટરોના ત્રણ મેનેજરોની ધરપકડ કરવામાં આવી છે. એવો આરોપ છે કે તેઓ કાયદેસર સ્પા સેવાઓની આડમાં આ સ્થળોનો ઉપયોગ દેહવ્યાપર માટે કરી રહ્યા હતા.સૂત્રોના જણાવ્યા અનુસાર, પોલીસને ઘણા સમયથી આ કેન્દ્રો વિશે ગુપ્ત માહિતી મળી રહી હતી. ઘણા દિવસોની દેખરેખ પછી દરોડાની યોજના બનાવવામાં આવી હતી. જેમાં સમગ્ર નેટવર્કનો પર્દાફાશ થયો હતો. આ કાર્યવાહી બાદ, પોલીસ હવે આ સ્પા સેન્ટરોના માલિકો અને રેકેટમાં સામેલ અન્ય વ્યક્તિઓની શોધ કરી રહી છે.ભાવનગર પોલીસે સ્પષ્ટ કર્યું છે કે સ્પાની આડમાં ચાલતા આવા ગેરકાયદેસર વ્યવસાયોને કોઈપણ કિંમતે સહન કરવામાં આવશે નહીં.

**અમદાવાદ આપ કાર્યાલય ખાતે આમરણાંત ઉપવાસ કરશે**

## ગુજરાતમાં ખેડૂતોની માંગો સંતોષવાની સાથે ૧૬મીએ રાજુ કરપડા અને પ્રવીણ રામ ઉપવાસ આંદોલન કરશે

**પોલીસ પ્રશાસનને અમારાથી કંઈ વાંધો હોય તો મારા અને રાજુ કરપડા ઉપર પર લાઠીઓ વરસાવે, કરવી હોય એટલી ફરિયાદ કરો, નિર્દોષ ખેડૂતોને ટાર્ગેટ કરશો નહીં । તમામ ખેડૂતોને અમારી અપીલ છે કે અમારા ગયા પછી આ જે ક્રાંતિની શરૂઆત થઈ છે એને ગાંધી ચિંધ્યા માર્ગે ચાલુ રાખજો**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૫ ।

૧૬મીએ રાજુ કરપડા અને પ્રવીણ રામ ઉપવાસ આંદોલન કરશે. જેમાં અમદાવાદ આપ કાર્યાલય ખાતે આમરણાંત ઉપવાસ કરશે. તેમાં ખેડૂતોની માંગો સંતોષવાની સાથે ઉપવાસ આંદોલન કરશે. જેમાં નિર્દોષ ખેડૂતોને ટાર્ગેટ બનાવ્યા છે તેમને છોડી મુકવાની મુખ્ય માંગ છે.આપના કિસાન સેલ પ્રદેશ પ્રમુખ અને ખેડૂત નેતા રાજુ કરપડા અને ફ્રન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામે હડદડ ગામમાં પોલીસે ગુજારેલા દમન ઉપર પ્રતિક્રિયા આપી છે.પ્રવીણ રામે જણાવ્યું છે કે આગામી ૧૬ તારીખે હું અને રાજુ કરપડા બે માંગણીઓ સાથે અમદાવાદના આપના કાર્યાલય પર આમરણ ઉપવાસ પર ઉતરીશું. અમારી પ્રથમ માંગ છે કે ખેડૂતોની જે માંગણીઓ છે એ પૂરી કરવામાં આવે, બીજી માંગ છે કે જે નિર્દોષ ખેડૂતોને ટાર્ગેટ બનાવ્યા છે એમને છોડી દેવામાં આવે. પોલીસ પ્રશાસનને અમારાથી કંઈ વાંધો હોય તો મારા અને રાજુ કરપડા ઉપર પર લાઠીઓ વરસાવે, કરવી હોય એટલી ફરિયાદ કરો, નિર્દોષ ખેડૂતોને ટાર્ગેટ કરશો નહીં. તમામ ખેડૂતોને અમારી અપીલ છે કે અમારા ગયા પછી આ જે ક્રાંતિની શરૂઆત થઈ છે એને ગાંધી ચિંધ્યા માર્ગે ચાલુ રાખજો.



'કળદા પ્રથા'ના વિરોધમાં બોટાદના હડદડ ગામે આમ આદમી પાર્ટી દ્વારા આયોજિત 'કિસાન મહાપંચાયત'માં પોલીસ અને ખેડૂતો વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. જેમાં પોલીસ વાન પર પથ્થરમારો અને તોડફોડ કરવામાં આવી હતી. આ મામલે આમ આદમી પાર્ટીએ ભાજપના નેતાઓ અને પોલીસ દ્વારા જ શાંતિનો ભંગ કરવામાં આવ્યો હોવાનો આરોપ કર્યો હતો. ત્યારે હવે આ મામલે પોલસી ફરિયાદ નોંધવામાં આવી હોવાની વિગતો સામે આવી છે.બોટાદમાં પથ્થરમારા સંબંધમાં આપના નેતાઓ સામે એફઆઈઆર નોંધવામાં આવી છે. આપ નેતા પ્રવીણ રામ અને રાજુ કરપડા સહિત ૮૫ લોકો સામે ખુનની કોશિશ, ષડયંત્ર અને ગેરકાયદેસર મંડળીના આરોપ સાથે ફરિયાદ નોંધવામાં આવી હોવાના અહેવાલો છે.

**ગુજરાતમાં નવાજુનીના એંધાણ, બેઠકમાં પ્રદેશના નવા સંગઠનનું ગઠન, મહામંત્રી તથા પ્રદેશ મંત્રીઓની નિમણૂક સંબંધિત મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી**

# વડાપ્રધાન મોદીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ - જગદીશ વિશ્વકર્મા સાથે મોડી રાતે બેઠક કરી

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૧૪ ।

ગુજરાત ભાજપના સંગઠન તેમજ મંત્રીમંડળમાં શક્ય ફેરફારને લઈને ગઈ કાલે રાત્રે દેશની રાજધાની દિલ્હીમાં એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સાથસાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા તથા સંગઠન મહામંત્રી રત્નાકર ઉપસ્થિત રહ્યા હતા. વધુમાં, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ આ બેઠકમાં હાજર રહ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

આ બેઠક રાત્રે ૧૧ વાગ્યા સુધી ચાલતી રહી અને લગભગ પાંચ કલાક સુધી ચર્ચાનો દોર ચાલુ રહ્યો. સૂત્રોના જણાવ્યા અનુસાર, બેઠકમાં પ્રદેશના નવા સંગઠનનું ગઠન, મહામંત્રી તથા પ્રદેશ મંત્રીઓની નિમણૂક સંબંધિત મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. સાથે જ, આગામી દિવસોમાં ગુજરાતના મંત્રીમંડળમાં શક્ય ફેરફાર અને નવા ચહેરાઓને સામેલ કરવા અંગે પણ ચર્ચાઓ થઈ હોવાનું માનવામાં આવી રહ્યું છે.

ગુજરાતમાં આગામી વિધાનસભા ચૂંટણી પૂર્વે ભાજપ સંગઠનને વધુ મજબૂત બનાવવાના દ્રષ્ટિકોણથી આ બેઠકને અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. પારદર્શક અને કાર્યક્ષમ વહીવટ માટે સુસંગત ટીમ બનાવવાની તૈયારીમાં પાર્ટી ઊંડા મંથનમાં લાગી છે. આ બેઠકના પરિણામ સ્વરૂપે આગામી દિવસોમાં પાર્ટી તરફથી કેટલીક મહત્વપૂર્ણ જાહેરાતોની શક્યતા નિવારી શકાતી નથી.

મુખ્યમંત્રીના દિલ્હી પ્રવાસની ચર્ચાઓએ રાજકીય ગરમાવો વધારી દીધો છે. તેમની સાથે નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકમા અને સંગઠન મહામંત્રી રત્નાકર પણ દિલ્હી પ્રવાસમાં જોડાયા છે. સુત્રોનું માનીએ તો દિલ્હી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના ટોચના નેતાઓ સાથે તેમની બેઠક યોજાવવાની છે. છેલ્લા કેટલાક દિવસોથી મંત્રીમંડળના વિસ્તરણ અને સંગઠનમાં ફેરફારની અટકળો ચાલી રહી છે. આ પરિસ્થિતિ વચ્ચે મુખ્યમંત્રી, પ્રદેશ ભાજપ પ્રમુખ અને સંગઠન મહામંત્રીના દિલ્હી પ્રવાસ મોટા ફેરફારના સંકેત આપતો જણાય છે. અગાઉ ૪ સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાન મોદી અને મુખ્યમંત્રી



ભુપેન્દ્રભાઇ પટેલ વચ્ચે મુલાકાત થઇ હતી આમ ૪૦ દિવસમાં જ બીજીવાર પીએમ અને સીએમની મુલાકાતને લઇ રાજકીય વર્તુળોમાં અનેક ચર્ચાઓ થઇ રહી છે. બીજી તરફ, કેટલાંક સૂત્રો એ પણ સંકેત આપી રહ્યા છે કે પ્રવાસનો હેતુ માત્ર રાજકીય નહીં, અન્ય વહીવટી મુદ્દાઓ પર પણ ચર્ચા કરવાનો હોઈ શકે છે.

સુત્રોનું માનીએ તો જો મંત્રીમંડળમાં ફેરફાર થાય તો સંભવિત ફેરફાર અનુસાર નાણામંત્રી કનુભાઈ દેસાઈ, કૃષિમંત્રી રાઘવજી પટેલ, પાણીપુરવઠામંત્રી કુંવરજી બાવળિયા, ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂત, પ્રવાસનમંત્રી મૂળુભાઈ બેરા, શિક્ષણમંત્રી કુબેર ડિંડોર અને સામાજિક ન્યાય અને અધિકારિતામંત્રી ભાનુબેન બાબરિયાને મંત્રીમંડળમાંથી બહાર કરવામાં આવી શકે છે. એ જ રીતે રાજ્યકક્ષાના જે મંત્રીઓમાં મત્સ્ય અને પશુપાલનમંત્રી પુરુષોત્તમ સોલંકી, પંચાયતમંત્રી બચુભાઈ ખાબડ, વન અને પર્યાવરણમંત્રી મુકેશ પટેલ, અન્ન અને નાગરિક પુરવઠામંત્રી ભીખુસિંહ પરમાર તથા આદિજાતિ વિકાસમંત્રી કુંવરજી હળપતિ તેમજ પ્રફુલ પાનસેરિયાને મંત્રીપદેથી દુર કરવામાં આવી શકે છે.

મંત્રીમંડળમાં જે નેતાઓને સ્થાન મળી શકે તેમ છે તેવા નેતાઓની યાદી પર નજર કરીએ તો જયેશ રાદડિયા, હાલના વિધાનસભાના સ્પીકર શંકર ચૌધરી, રાજકોટના ઉદય કાનગડ, વેજલપુરના અમિત ઠાકર, એલિસબ્રિજના અમિત પોપટલાલ શાહ, ભાવનગરના હીરા સોલંકી, અમરેલીના મહેશ કસવાલા, કૌશિક વેકરિયા, દક્ષિણ ગુજરાતના સંદીપ દેસાઈ, સંગીતા પાટીલ, જામનગરનાં રીવાબા જાડેજા અને પોરબંદરના અર્જુન મોઢવાડિયા અને માંડવી-કચ્છના અનિરુદ્ધ દવે તથા નડિયાદના પંકજ દેસાઈનો સમાવેશ થઈ શકે છે.

### જામનગરમાં ૧૬ વર્ષની સગીરા પર વારાફરથી બે શખ્સોએ બળજબરી શરીરસુખ માણ્યું

। પ્રતિનિધિ, જામનગર, તા.૧૪ ।

જામનગરના હાપા યાર્ડ વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષની વયની એક સગીરા પર આજ થી ચાર દિવસ પહેલાં બે નરાધમ શખ્સોએ દુષ્કર્મ ગુજાર્યું હોવાની ઘટના સામે આવતાં ચકચાર જાગી છે. પોલીસે બે શખ્સો સામે ગુનો નોંધ્યો છે, અને બંનેની શોધખોળ હાથ ધરી છે.જામનગર ના હાપા યાર્ડ વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષની વયની એક સગીરાને તેના નજીકમાં જ રહેતા એક શખ્સે સૌ પ્રથમ તેની સાથે મિત્રતા કેળવી હતી, ત્યારબાદ આજથી ચાર દિવસ પહેલાં તેણીને એક સ્થળે બોલાવી હતી, અને સગીરા પર વારાફરથી બે શખ્સોએ બળજબરી પૂર્વક દુષ્કર્મ ગુજાર્યું હતું. આખરે આ મામલો પોલીસ મથક સુધી પહોંચ્યો હતો.

### પ્રધાનમંત્રી આવાસ યોજના સંદર્ભે ૫૨ હજારની લાંચ લેતા અરવલ્લીમાં ગ્રામસેવક ઝડપાયો

। પ્રતિનિધિ, અરવલ્લી,તા.૧૪ ।

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ચાર જણા વતી રૂ.૫૨,૦૦૦ની લાંચ લેતા અરવલ્લીના મેઘરજ તાલુકા પંચાયતનો ગ્રામસેવક નરેશ એસ.પટેલ એસીબીની જાળમાં ફસાઈ ગયો હતો.આ કેસની વિગત મુજબ ચાર જણાની પ્રધાનમંત્રી આવાસ યોજના (પી.એમ.એ.વાય.) અંતર્ગત મકાન સહાય મંજુર થઈ હતી. જે બાબતે મકાન સહાયના કુલ-૨ હપ્તા આ વ્યક્તિએના ખાતામાં જમા થયા હતા. જે પૈકી આરોપી ગ્રામસેવક(કરાર આધારિત) નરેશ પટેલે એક વ્યક્તિ પૈકી રૂ. ૧૫,૦૦૦ ની માગણી કરી હતી.જે બાબતે આ વ્યક્તિઓએ ફરિયાદીને વાત કરતાં તેમની સંમતિથી ફરિયાદીએ આરોપી નરેશ પટેલ સાથે વાત કરતાં રકઝકના અંતે એક વ્યક્તિ પૈકી રૂ. ૧૩,૦૦૦ મળી કુલ૪- સાહેદના રૂ. ૫૨,૦૦૦ ની લાંચની માગણી કરી હતી.આ વ્યક્તિઓ વતીથી ફરિયાદી લાંચની રકમ આરોપી નરેશ પટેલને આપવા માંગતો ન હતો.

### ચોકીદાર જ ચોર નીકળ્યો

# ગિરનાર પર્વત પર મંદિરમાં તોડફોડ એક કાવતરું!

## ગિરનાર પર્વતના ૬૦૦૦ પગથિયાં આસપાસ આવેલ ગોરખનાથ શિખર પર તોડફોડ કરવામાં આવી હતી

। પ્રતિનિધિ, જુનાગઢ, તા.૧૪ ।

લાખો લોકોનું આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર ગણાતા ગરવો ગઢ ગીરનારમાં ગત ૫ ઓક્ટોબરે વહેલી સવારે એક જઘન્ય કૃત્ય સામે આવ્યું હતું. ગિરનાર પર્વતના ૬૦૦૦ પગથિયાં આસપાસ આવેલ ગોરખનાથ શિખર પર તોડફોડ કરવામાં આવી હતી અને ગોરક્ષનાથજીની મૂર્તિને ઉખેડી શિરચ્છેદ કરીને નીચે ખીણમાં ફેંકી દેવાનો અતિ સંવેદનશીલ બનાવ સામે આવ્યો હતો. હાલ જુનાગઢ પોલીસે આ ૫ ડકારજનક સ્થિતિમાં ઈન્વેસ્ટિગેશન કરીને માત્ર ૭ દિવસમાં ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે અને આ જઘન્ય કૃત્ય કરવા પાછળ બીજું કોઈ નહીં પરંતુ આ ઘટનાની અંગેની ફરિયાદ કરનાર મહંત મંદિરના પગારદાર પૂજારી મુંબઈના કિશોર શિવનદાસ કુકરેજા અને મંદિરનો પૂર્વ સેવક રમેશ હરગોવિંદ ભટ્ટ હોવાનું સામે આવતા આ ઘટનાએ માત્ર જુનાગઢમાં જ નહીં પરંતુ આખા ગુજરાતમાં ખળભળાટ મચાવ્યો છે.ગિરનાર પર્વત પર બનેલી આ ઘટનાની વિગતવાર વાત કરીએ તો ગત તા. ૫ ઓક્ટોબરને રવિવારે સવારે ૪.૩૦થી ૫ વાગ્યાના અરસામાં ચાર અજાણ્યા ઈસમો દ્વારા ગોરક્ષનાથજીની મૂર્તિને ઉખેડીને મંદિરમાં તોડફોડ કરીને મૂર્તિને ખીણમાં ફેંકી દીધાની ઘટના સામે આવી હતી, જે અન્વયે પોલીસે મંદિરના



મહંત યોગી સોમનાથજીની ફરિયાદ પરથી ભવનાથ પોલીસમાં ચાર અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કર્યો હતો, અને આ બનાવ અતિ સંવેદનશીલ અને પડકારજનક હોય જેથી બનાવની તપાસ એલસીબી પી.આઈ. કૃણાલ પટેલને સોંપવામાં આવી હતી.તપાસ માટે ડીવાયએસપી હિતેશ ધાંધલીયાના માર્ગદર્શન હેઠળ અલગ અલગ ટીમો બનાવી તપાસ ચાલુ કરી હતી. જે તપાસ દરમિયાન આ કેસમાં મંદિર નજીક દુકાનમાં ફોટોગ્રાફર તરીકે કામ કરતા રમેશ ભટ્ટ તરફ શંકાની સોય વધુ દ્રઢ બનતા તેની પોલીસે આકરી અલગ અલગ રીતે પૂછપરછ કરતા અંતે રમેશ ભાંગી પડ્યો હતો અને વટાણા વેરી નાખ્યા હતા. આ ઘટનામાં બીજું કોઈ નહીં પરંતુ મંદિરમાં પગારદાર સેવક તરીકે કામગીરી કરતો કિશોર કુકરેજા અને તેની મદદગારીમાં રમેશ પોતે હોવાનું જણાવ્યું હતું. જેથી પ ોલીસે બંનેની ધરપકડ કરીને આ કેસમાં અન્ય કોઈની મદદગારી છે કે કેમ તે અંગે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

### આખું ભાવનગર કંપી ઉઠ્યું । જાણીતા ડોક્ટરે દવાખાનામાં જ કરી લીધો આપઘાત

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૧૪ ।

શહેરના જાણીતા ઈ.એન.ટી. સર્જને આપઘાત કરી લેતા સમગ્ર શહેરમાં ચકચાર મચી જવા પામી હતી. ભાવનગર શહેરમાં કાળાનારા પાસે આવેલ સુપ્રસિદ્ધ સૂર્યદીપ કોમ્પ્લેક્સમાં પોતાની ક્લિનિક ધરાવતા ડૉ. રંગલાણીએ હોસ્પિટલમાં વધુ માત્રામાં ઈન્જેક્શન લઈ જીવન ટુંકાવ્યું હતું.ભાવનગર શહેરના નામાંકિત ઈએનટી સર્જન ડો. રાજેશ રંગલાણીએ પોતાના દવાખાનામાં જ આપઘાત કરી લેતા ચકચાર મચી છે. માધવબાગમાં રહેતા અને કાળાનાળા વિસ્તારમાં ખાનગી ક્લિનિક ધરાવતા તબીબે પોતાના ક્લિનિકમાં જાતે કોઈ ઈન્જેક્શન લઈ આત્મહત્યા કરી લીધી હતી. આ બાબતની જાણ પોલીસને થતા પોલીસે ઘટના સ્થળે પહોંચી લાશનું પંચનામું કરી પીએમ અર્થે ખસેડી હતી. તબીબની આત્મહત્યા પાછળનું કારણ હાલ અકબંધ છે.ભાવનગર શહેરમાં માધવબાગ પ્લોટ નં. ૪૦-૪૧ માં રહેતા અને સૂર્યદીપ કોમ્પ્લેક્ષમાં કાન-નાક ગળાનું ખાનગી ક્લીનિક ધરાવતા રાજેશ જીવાભાઈ રંગલાણીએ ગત રાત્રિના સુમારે પોતાના ક્લીનીકમાં અગરમ્ય કારણોસર આપઘાત કરી લીધો હતો. તબીબી આપઘાત કર્યાની જાણ તબીબના મિત્ર વર્તુળ તેમજ પરિવારજનોને થતા મિત્રો તેમજ પરિવારજનો તાત્કાલીક ઘટના સ્થળે પહોંચ્યા હતા. પરિવારજનોમાં શોકનો માહોલ વ્યાપી જવા પામ્યો હતો.

### કતાર એરવેઝની ફ્લાઇટમાં ટેક્નિકલ ખામી સર્જાતા આ ઇમરજન્સી લેન્ડિંગ કરાયું

# અમદાવાદ એરપોર્ટ ઉપર હોંગકોંગની એક ફ્લાઇટનું ઇમરજન્સી લેન્ડિંગ કરાતાં મચી સનસની । ખામીની તપાસ કરવામાં આવી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૪ ।

અમદાવાદ એરપોર્ટ પર આજે એક ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું છે. કતાર એરવેઝની ફ્લાઈટમાં ટેક્નિકલ ખામી સર્જાતા આ ઈમરજન્સી લેન્ડિંગ કરાયું છે. દોહાથી હોંગકોંગ જઈ રહેલી ફ્લાઈટમાં ખામીને કારણે એરપોર્ટ ઓથોરિટી દ્વારા તત્કાલ રીતે ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. આ ઈમરજન્સી લેન્ડિંગ ૨:૩૦ વાગે કરાયું હતું.આ પ્લેનમાં સવાર તમામ મુસાફરો સુરક્ષિત છે. આ ઘટનાને પગલે ચાંદખેડા ફાયર સ્ટેશનના ૩ વાહનો પણ ઉચ્ચ અધિકારીઓ સાથે એરપોર્ટ પર સ્ટેન્ડ બાય માટે મોકલી દેવામાં આવ્યા હતા. અત્યારે ફ્લાઈટમાં સર્જાયેલી



ટેક્નિકલ ખામીની તપાસ કરવામાં આવી છે. આ પ્લેન અમદાવાદ નહતું આવવાનું પરંતુ ટેક્નિકલ ખામીને કારણે, અમદાવાદ ડાયવર્ટ કરાયું છે.આવી ઘટનાઓ અનેક વખત સામે આવી ચુકી છે જેમાં ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવવું પડ્યું હોય. તાજેતરમાં જ ઈન્ડિગોની તુતીકોરિનથી ચેન્નાઈ જઈ રહેલી ફ્લાઈટમાં વિન્ડશિલ્ડમાં તિરાડ પડતા ફ્લાઈટનું ચેન્નાઈમાં સુરક્ષિત લેન્ડિંગ કરાયું હતું. જેમાં ૬૭ મુસાફર સવાર હતા.એના પહેલા ગત જુલાઈ માસમાં દિલ્લીથી ગોવા જઈ રહેલી ફ્લાઈટનો અકસ્માત થતા થતા રહી ગયો હતો, તેનું મુંબઈ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવવું પડ્યું હતું.ઉલ્લેખનીય છે કે, ૧૨ જૂન ૨૦૨૫ ના રોજ અમદાવાદમાં એર ઈન્ડિયાની ફ્લાઈટ ક્રેશ થઈ હતી. જેમાં બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર વિમાન અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં મેડિકલ કોલેજ હોસ્ટેલની ઈમારત પર પડ્યું હતું. આ અકસ્માતમાં વિમાનમાં સવાર ૨૪૨ લોકોમાંથી ૨૪૧ લોકોના મોત થયા હતા. તેમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને ૪ એમબીબીએસ વિદ્યાર્થીઓ પણ મૃત્યુ પામ્યા હતા. અમદાવાદ એરપોર્ટ પર આજે એક ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું છે. કતાર એરવેઝની ફ્લાઈટમાં ટેક્નિકલ ખામી સર્જાતા આ ઈમરજન્સી લેન્ડિંગ કરાયું છે.

### શેર માર્કેટના નામે ૧૬ લાખની છેતરપિંડી કરનારાને ઝડપી પાડ્યો

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૧૪ ।

રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસને એક મોટી સફળતા મળી છે. શેર માર્કેટમાં મોટો નફો આપવાની લાલચ આપીને ૧૬.૬૭ લાખ રૂપિયાની છેતરપિંડી કરનાર આરોપીને પોલીસે મહારાષ્ટ્રના પુણેથી ધરપકડ કરી છે. આરોપીનું નામ ગૌરવ નકુલ સોનવણે છે, જેને પોલીસે લાંબી તપાસ બાદ પકડ્યો છે. આ કેસમાં પીડિત વ્યક્તિને શેર માર્કેટમાં રોકાણ કરીને ઝડપી અને મોટા નફાનું વચન આપીને છેતરવામાં આવ્યો હતો.પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપી ગૌરવ સોનવણે ફેક એન્ડ્રોઈડ એપ્લિકેશનનો ઉપયોગ કરીને પીડિતોને ડાઉનલોડ કરાવતો હતો. આ એપ દ્વારા તે પીડિતોને અલગ-અલગ બેંક એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરાવતો હતો. એપમાં દેખાતા ફેક ટ્રાન્ઝેક્શન અને નફાના આંકડા જોઈને પીડિતો વધુ પૈસા મોકલતા હતા, પરંતુ અંતે તેમને કંઈ જ મળતું નહોતું. આરોપીની પૂછપરછમાં સામે આવ્યું છે કે તે આવી જ રીતે અનેક લોકોને છેતરી ચૂક્યો છે અને તેના વિરુદ્ધ અલગ-અલગ ૯ રાજ્યોમાં સાયબર ક્રાઈમની ફરિયાદો નોંધાઈ છે, જેમાં મહારાષ્ટ્ર, ગુજરાત, દિલ્હી, કર્ણાટક વગેરેનો સમાવેશ થાય છે.

### ભાવનગરમાં મકાન ધરાશાયી, એક યુવકનું મોત

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૧૪ ।

ગત મોડી રાત્રે ભાવનગર શહેરમાં આવેલા ત્રણ માળિયા મકાનનો એક ભાગ ધરાશાયી થયો હતો. આ બનાવમાં એક વ્યક્તિનું મોત થયું છે, જ્યારે અન્ય ઈજાગ્રસ્ત થયા છે. નોંધનીય છે કે, ભાવનગર મહાનગરપાલિકાએ આ બિલ્ડિંગને જર્જરિત જાહેર કરી હતી. આ બનાવને પગલે મેયર, સ્ટેન્ડિંગ ચેરમેન, જિલ્લા કલેક્ટર સહિતના અધિકારીઓ દોડી આવ્યા હતા. રેસ્ક્યુ કામગીરી મોડી રાત સુધી ચાલી હતી.ભાવનગર શહેરના આનંદનગર વિસ્તારમાં ગુજરાત હાઉસિંગ બોર્ડના ત્રણ માળિયા મકાનો આવેલા છે. જે પૈકીનો એક બ્લોક ગઈકાલ રાત્રે ધરાશાયી થયો હતો. આ બનાવમાં કાટમાળ નીચે એક પરિવાર દબાઈ ગયો હતો. તાત્કાલિક રેસ્ક્યુ કામગીરી હાથ ધરી કાટમાળમાંથી એક મહિલા અને પુરુષને હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યારે એક યુવાનને પણ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.ભાવનગર મહાનગરપાલિકાના અધિકારી સુરેન્દ્રસિંહ રાણાએ ટેલીફોનિક વાતચીતમાં જણાવ્યું કે, રાત્રે ત્વઝ્મ સાથે ફાયર વિભાગ સહિતની ટીમ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. બાજુના બ્લોકમાં દાદર પડી જવાને કારણે ફસાયેલા સમગ્ર પરિવારને સીડીથી ઉતારવામાં આવ્યા હતા. આ સાથે કાટમાળમાં દબાયેલા એક મહિલા, પુરુષ અને યુવકને બહાર કાઢવામાં આવ્યા હતા.



### દાદાની સરકારનું નવું પિક્ચર

# ગુજરાત રાજ્ય ધનતેરસના દિવસે નવા મંત્રીઓ શપથ લેશે । તો ૮ જેટલા મંત્રીઓને લાગશે ઝટકો

## નવા પ્રદેશ પ્રમુખની નિમણૂક બાદ, ભાજપની કેન્દ્રીય નેતૃત્વએ લાંબા સમયથી વિલંબિત મંત્રીમંડળ ફેરબદલને લીલી ઝંડી આપી દીધી





। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૪ ।

દિવાળી પહેલા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની નવી ટીમ હશે. નવા પ્રદેશ પ્રમુખની નિમણૂક બાદ, ભાજપની કેન્દ્રીય નેતૃત્વએ લાંબા સમયથી વિલંબિત મંત્રીમંડળ ફેરબદલને લીલી ઝંડી આપી દીધી છે. સોમવારે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય હાઈકમાન્ડ સાથે બેઠક યોજી હતી. ત્યારબાદ, મુખ્યમંત્રી રાતોરાત દિલ્હીમાં રોકાયા હતા. ધનતેરસ પર નવા મંત્રીઓ શપથ લે તેવી અપેક્ષા છે.ગુજરાતમાં, ભૂપેન્દ્ર પટેલ મંત્રીમંડળમાં ફેરબદલ અને વિસ્તરણ કરવામાં આવશે. દિલ્હીમાં કેન્દ્રીય નેતૃત્વ સાથે સોમવારે થયેલી બેઠક બાદ, રાજકીય વર્તુળોમાં ચર્ચા ચાલી રહી છે કે લગભગ ૧૦ મંત્રીઓને દૂર કરવામાં આવી શકે છે. તેમના સ્થાને નવા મંત્રીઓ આવી શકે છે, અને બાકીના મંત્રીઓ યથાવત રહેશે. ૨૦૨૨ ની ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં, ભાજપે ૧૮૨ બેઠકોમાંથી ૧૫૬ બેઠકો જીતી હતી, પરંતુ વિસાવદર પેટાચૂંટણીમાં આપની શાનદાર જીત અને સૌરાષ્ટ્રમાં તેના વધતા પ્રભાવે ભાજપ માટે પડકાર ઉભો કર્યો છે. નવા મંત્રીઓ ધનતેરસ પર શપથ ગ્રહણ કરી શકે છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પાટીદાર છે, જ્યારે નવા પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા ઓબીસી છે. પરિણામે, ભૂપેન્દ્ર પટેલની નવી ટીમ નવા પ્રકારના સોશિયલ એન્જિનિયરિંગનો ઉપયોગ કરે તેવી અપેક્ષા છે.દાદાના નવા મંત્રીમંડળના સંભવિત નામઃ ૧-રૂષિકેશ પટેલ,૨-કુંવરજી બાવળીયા,૩-મુળુ બેરા,૪-બળવંતસિંહ રાજપુત, ૫-કુબેર ડિંડોર,૬-હર્ષ સંઘવી,૭-પરશોત્તમ સોંલકી,૮-પ્રફુલ પાનસેરીયા,૯-કુવરજી હળપતિ,૧૦-જયેશ રાદડીયા,૧૧-જીતુ વાઘાણી,૧૨-સંગીતા પાટીલ,૧૩-રીવાબા જાડેજા,૧૪-મહેશ કસવાલા,૧૫-કયુર રોકડીયા,૧૬-અલ્પેશ ઠાકોર,૧૭-જીતુ ચૌધરી,૧૮-ડો.પ્રધમન વાઝા,૧૯-શંકર ચૌધરીભૂપેન્દ્ર પટેલ સરકારના મંત્રી મંડળમાં જલ્દી ફેરફાર થવાના છે. નવા દસ ચહેરાઓ મંત્રી મંડળમાં સમાવાઈ શકાય છે. તો ૮ વર્તમાન મંત્રીઓ પડતા મુકાઈ શકે છે. આવામાં નાણામંત્રી કનુભાઈ દેસાઈની એક્ઝિટની શક્યતા વધુ છે. ભીખુસિંહ પરમારને નવા મંત્રીમંડળમાં સ્થાનની શક્યતા ઓછી છે. બચુ ખાબડ, રાઘવજી પટેલનું પત્તું કપાઈ શકે છે. મૂળુ બેરા, ભાનુબેનની એક્ઝિટની શક્યતા છે.

કયા નેતાઓ મંત્રીમંડળમાં રહેશે : બળવંતસિંહ રાજપુત,કુંવરજી બાવળીયા,હર્ષ સંઘવી,કુબેર ડિંડોર,પ્રફુલ પાનસેરીયા,રૂષિકેશ પટેલ,પરસોત્તમ સોલંકી,મૂળુ બેરા,કુવરજી હળપતિ,કોની થઈ શકે છે જેમની વિદાય થશે તેમાં કનુ દેસાઈ,ભીખુસિંહ પરમાર,બચુ ખાબડ,રાઘવજી પટેલ,મુકેશ પટેલ,ભાનુબેન બાબરીયા,જે નવા નામોની એન્ટ્રી થઈ શકે છે જયેશ રાદડીયા,મહેશ કસવાલા, અલ્પેશ ઠાકોર,જીતુ વાઘાણી,કેયુર રોકડીયા,જીતુ ચૌધરી,સંગીતા પાટીલ,રીવાબા જાડેજા,પ્રધ્યુમન વાઝા,શંકર ચૌધરી,મંત્રીમંડળ વિસ્તરણમાં ઘણા આશ્ચર્યજનક ચહેરાઓનો સમાવેશ થઈ શકે છે.

### ઘટના બાદ ફરિયાદીને સ્થાનિક પોલીસને જાણ કરી અટકાયત કરાઈ

# સુપ્રીમ બાદ અમદાવાદની સેશન્સ કોર્ટમાં ચોંકાવનારી ઘટના સામે આવી : ફરિયાદીએ જજ ઉપર ફેંક્યું ચપ્પલ

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૪ ।

તાજેતરમાં સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ પર કોર્ટ કાર્યવાહી દરમિયાન રાકેશકુમાર નામના વડીલ વકલે જુતું ફેંકવા પ્રયાસ કર્યા બાદ અમદાવાદની કોર્ટમાં ચોંકાવનારી ઘટના બની છે. ફરિયાદીએ જજને ચાલુ સુનાવણીમાં ચપ્પલ ફેંક્યું હતું. આ ઘટના બાદ ફરિયાદીને સ્થાનિક પોલીસને જાણ કરી અટકાયત કરાઈ છે. એવું જાણવા મળી રહ્યું છે કે કોર્ટ સુનાવાનીમાં રોષે ભરાઈ ફરિયાદીએ જજ સામે ચપ્પલ ફેંક્યું હતું. ન્યાયની દેવીના મંદિરમાં જ ગરિમાને ઠેસ પહોંચાડતી એક ચોંકાવનારી ઘટના અમદાવાદની સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં બની હતી. ચાલુ સુનાવણી દરમિયાન એક ફરિયાદીએ રોષે ભરાઈને એડિશનલ પ્રિન્સિપલ જજ એમ. પી. પુરોહિત તરફ ચપ્પલ ફેંક્યું હતું.પ્રાથમિક માહિતી મુજબ, સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટના એડિશનલ પ્રિન્સિપલ જજ એમ. પી. પુરોહિતની કોર્ટમાં એક કેસની સુનાવણી ચાલી રહી હતી. આ દરમિયાન, કેસના એક ફરિયાદીએ અચાનક ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો અને પોતાનો કાબૂ ગુમાવી જજ તરફ ચપ્પલ ફેંક્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, ફરિયાદીની અપીલ કાઢી નાખવામાં આવી હોવાથી તેણે આ હરકત કરી હતી. ચપ્પલ ફેંકતા પહેલા ફરિયાદીની જજ સાથે બોલાચાલી પણ થઈ હોવાનું કહેવાય છે.

## રાજકોટ શહેરના શ્રી હરી કોમ્પ્લેક્સમાં આગ લાગવાથી કામદારનું મોત નિપજયું


। પ્રતિનિધિ, રાજકોટ, તા.૧૪ ।

રાજકોટ શહેરના દિવાનપરા વિસ્તારમાં આવેલ સોનિબજારમાં શ્રી હરી કોમ્પ્લેક્સની પાંચમી માળ પર મધરાતે તુંફાની આગ હતી, જેમાં એક બંગાળી કારીગરના મોતની ઘટના નોંધાઈ અને એક વ્યક્તિ ગંભીર ઈજાઓ સાથે સારવાર હેઠળ છે. ઘટના સ્થળે ફાયર બ્રિગેડે ભારે જહેમતે કામ કરી આગને કાબૂમાં લેવાની કામગીરી પૂર્ણ કરી. પોલીસ અને ફાયર તંત્ર અજાણ્યા કારણોની તપાસ કરી રહ્યાં છે અને એફએસએલની મદદથી આગ લાગવાની સાચી કારણશોધ કરવામાં આવશે.સોમવારની મોડી રાત્રે કોમ્પ્લેક્સના ઉપર માળ પરથી આગ અને ધુમાડાની માહિતી મળી હતી. તત્કાલિકમાં જાણ થતાં આસપાસના લોકો અને સુરક્ષાકર્મીઓએ ફાયર બ્રિગેડને ફોન કરી જાણ કરવામાં આવી હતી. ફાયર ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી તત્કાલે બચાવકાર્ય શરૂ કર્યું અને ઉપરના માળેથી લોકોને બહાર કાઢવામાં આવ્યા.પ્રાથમિક માહિતી અનુસાર આ આગમાં એક બંગાળી કારીગરનું મોત થયું છે, જ્યારે એક અન્ય કામદારને ગંભીર ઈજાગ્રસ્ત પહોંચી છે તેને નજીકની હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેલવામાં આવ્યો છે.

## ખોપરીના ફ્રેક્ચરથી રિક્ષાચાલકનું મોત, પોલીસની અલગ અલગ એંગલથી તપાસ ચાલુ

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૪ ।

ગાંધીનગર નજીકના ઐતિહાસિક ઈન્દ્રોડા ગામમાં કિલ્લા પાસે હત્યાનો એક કેસ નોંધાયો છે. ૪૨ વર્ષીય રિક્ષાચાલક અર્જન ઠાકોરનો મૃતદેહ મળી આવતાં સમગ્ર જિલ્લામાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. ઈન્ફોસિટી પોલીસ ઘટનાસ્થળે પહોંચી છે અને વધુ તપાસ ચાલી રહી છે.ઈન્દ્રોડા ગામમાં કિલ્લા પાસે રિક્ષાની બાજુમાં મળેલા મૃતદેહની ઓળખ ઈન્દ્રોડા ગામના રહેવાસી અર્જન ઠાકોર (૪૨) તરીકે થઈ છે. આજે સવારે ઐતિહાસિક કિલ્લા વિસ્તાર નજીક શોધખોળ કરતી વખતે સ્થાનિકો અને પરિવારના સભ્યોએ તેનો મૃતદેહ શોધી કાઢ્યો. અર્જન ઠાકોર ગઈકાલે સવારે રાબેતા મુજબ કામ માટે ઘરેથી નીકળ્યો હતો, પરંતુ મધ્યરાત્રિ પછી પણ તે પાછો ફર્યો ન હતો. તેથી, પરિવારે તે જ રાત્રે તેની શોધ શરૂ કરી.શંકાના આધારે, પરિવારે કિલ્લા વિસ્તારમાં શોધખોળ કરી અને શંકા કરી કે તેને દારૂ પીવાની આદત હતી અને તે કિલ્લા વિસ્તારમાં વારંવાર આવતો હતો. આ શંકાના આધારે, પરિવારે સવારે ઈન્દ્રોડા કિલ્લા નજીકના વિસ્તારમાં શોધખોળ કરી, જ્યાં તેનો મૃતદેહ મળી આવ્યો. મૃતકના પરિવારમાં તેની પત્ની અને ચાર બાળકો છે. બે પુત્રીઓ પરિણીત છે, જ્યારે અન્ય બે હજુ અભ્યાસ કરી રહ્યા છે. પરિવારના સ્તંભની અચાનક મોતથી પરિવાર શોકમાં ડૂબ્યું છે.ઈન્ફોસિટી પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યો. ઘટનાની માહિતી મળતાં જ ગાંધીનગર ઈન્ફોસિટી પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો. પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો છે અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે લઈ જવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે.મૃતકના માથા પર ગંભીર ઈજાઓ સૂચવે છે કે અર્જન ઠાકોરની ક્રૂર હત્યા કરવામાં આવી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, મૃતકના માથા પર સિકલ જેવા હથિયારથી ગંભીર હુમલાના નિશાન છે.






## તંત્રી લેખ..

# પાયરેસીની તકલીફ

વર્ષોથી પાયરેસીનો ડંખ બોલિવુડને ઝેલવાની ફરજ પડી રહી છે. તે રોજગારી પર પણ સીધી અસર કરે છે. પાયરેસીના સમસ્યા અને તેના પર અંકુશ મુકવાની બાબતને લઈને હમેંશાથી ચર્ચા રહી છે. પાયરેસી સામે લોકડાઉન પહેલા અવાજ પણ ઉઠી ચુકી ચુકી છે. બોલિવુડના સંબંધિત લોકો દ્વારા આ મામલાને ગંભીરતાથી લેવાની શરૂઆત કરી દીધી છે. એક ફિલ્મ બનાવવામાં ખુબ પૈસા ખર્ચ થાય છે. કેટલાક લોકોના રોજગાર તો ફિલ્મ સાથેજ જોડાયેલા છે. જેથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ હવે પાયરેસીની સામે એક મત થઇ રહી છે. પાયરેસીની ફિલ્મ પર માઠી અસર થાય છે. ફિલ્મ નિર્માતાને વધારે નુકસાન થાય છે. સારી પટકથા ધરાવતી ફિલ્મો લીક કરવામાં આવે છે. ઓછા લોકપ્રિય ચહેરા ધરાવતી ફિલ્મ બનાવવા માટે નાણાં ઓછા ખર્ચ કરવામાં આવે છે પરંતુ મોટા સ્ટાર ધરાવતી ફિલ્મ બનાવવા પાછળ તો જંગી નાણાં ખર્ચ કરવામાં આવે છે. પાયરેસીના સફાયાની બાબત તો શક્ય દેખાતી નથી પરંતુ તેના પર કેટલાક પગલા લઈને અંકુશ મુકી શકાય છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝની સાથે સાથે સરકારને પણ કઠોર નિયમો બનાવવાની જરૂર છે. આના માટે નિષ્ણાંતોની કમિટી બનવી જોઈએ. સામાન્ય લોકો પણ પાયરેસીના મામલે તમામ બાબતો જાણે છે. પાયરેસી ફિલ્મ જોવાની બાબત એક ચોરી સમાન છે. મોઘા ટિકિટ પાયરેસીના માંગને વધારી દેવા માટે ચોક્કસ પણે કારણરૂપ છે. કારણ કે સામાન્ય ફિલ્મને નિહાળવા માટે કોઈ પણ પરિવાર ૨૦૦૦ રૂપિયા ખર્ચ કરશે નહી. આવી સ્થિતીમાં તે વેબસાઈટ પરથી જ આવી ફિલ્મ ડાઉનલોડ કરી નાંખે છે અને ઘરમાં જોઈ નાંખે છે. જો કે કેટલાક લોકો માને છે કે શહેરોમાં હજુ પણ સિંગલ સ્ક્રીન રહેલા છે જ્યા સસ્તામાં ફિલ્મ નિહાળી શકાય છે. થિયેટરના જાદુને ક્યારેય લેપટોપ અને સ્માર્ટ ફોન પર મેળવી શકાય નહી. પરંતુ લોકોને વિચારવાની જરૂર છે કે આવા સરળ મનોરંજનના ચક્કરમાં તેઓ કેટલાક લોકોની રોજગારી પર લાત મારી રહ્યા છે. લોકોને સમજી લેવાની જરૂર છે કે આ ફિલ્મની પાછળ સેંકડો લોકોની રોજગારી જોડાયેલી હોય છે. ફિલ્મ સારો કારોબાર કરે છે તો ઈન્ડસ્ટ્રીઝ આના કારણે આગળ વધે છે. પરંતુ પાયરેસી ફિલ્મના કારણે તેની ગણતરી પર માઠી અસર થાય છે. લોકો દસ રૂપિયા ખર્ચ કરીને પાયરેટેડ ફિલ્મને પોતાના મોબાઈલમાં અથવા તો લેપટોપમાં ડાઉનલોડ કરી નાંખે છે. આ બાબત ચોક્કસપણે ખોટી અને ગેરકાયદે છે. પાયરેસીના શિકાર થયેલી મોટી ફિલ્મમાં રજનિકાંતની કબાલી પણ સામેલ છે. રજનિકાતના એક્શન ફિલ્મ રજૂ કરવામાં આવ્યાના ૭૦ મિનિટમાં જ લીક થઇ ગઇહતી. ફિલ્મ ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવી હતી. જો કે ફિલ્મે પ્રથમ સપ્તાહમાં ૩૫૦ કરોડની કમાણી કરી હતી પરંતુ પાયરેસીના કારણે તેને પણ નુકસાન થયુ હતુ. જાણકાર લોકો માને છે કે કોઈ પણ વ્યક્તિ પેટ કાપીને તો ફિલ્મ નિહાળવા જશે નહી. નિર્માતા અને નિર્દેશકો તથા સરકાર માત્ર કમાણીને જ નહી બલ્કે લોકોની સંખ્યાને પણ ધ્યાનમાં લે તે જરૂરી છે. ટિકિટની કિંમત ઓછી હોવી જોઈએ, સાથે સાથે કાયદાકીય જોગવાઈ પણ કઠોર હોવી જોઈએ. દેશના આઈટી એક્ટમાં ફિલ્મ પાયરેસીને રોકવા માટે હજુ સુધી કોઈ ખાસ જોગવાઈ નથી

# સ્કીન માટે ફીશ ઓઇલ ખુબ આદર્શ



હાલમાં કોરોના કાળની સ્થિતી રહેલી છે. લોકો બિમારીને ટાળવા માટે બનતા તમામ પ્રયાસો કરી રહ્યા છે. સાથે સાથે પોતાની રોગ પ્રતિકારક ક્ષમતા વધારવા માટે તમામ વિકલ્પનો ઉપયોગ કરી રહ્યા છે. જાણકાર નિષ્ણાંતો પણ આ વાતને માને છે કે ફિશની બનેલી ચીજો આરોગ્ય માટે ઉપોગી રહેલી છે. સાથે સાથે તેમાં કેલ્શિયમ પણ પુરતા પ્રમાણમાં રહે છે. ફિશ ઓઈલ કોરોનાની વિકટ સ્થિતીમાં માત્ર આરોગ્ય માટે જ નહીં બલ્કે અન્ય રીતે પણ ઉપયોગી છે.

ફીશ ઓઈલના ઘણા ફાયદા છે તે બાબત અગાઉ પણ સાબિત થઈ ચુકી છે. હવે ફરી આ વાતને અભ્યાસમાં સમર્થન મળ્યું છે. ફીશ ઓઈલ માત્ર આરોગ્ય માટે જ યોગ્ય નથી બલકે વાળ, સ્કીન માટે પણ ફીશ ઓઈલ ખૂબ જ મહત્વપૂર્ણ અને ઉપયોગી છે. આ ઉપરાંત જુદા જુદા રોગને રોકવામાં પણ ફીશ ઓઈલની ભુમિકા છે. ફીશ ઓઈલના ફાયદાઓને લઈને વારંવાર અભ્યાસ થતા રહ્યા છે. સ્વસ્થ હાર્ટને જાળવી રાખવા કોઈપણ વ્યક્તિને વધારે પ્રમાણમાં ફીશ ઓઈલ ધરાવનાર ભોજન ઉપયોગમાં લેવાની જરૂર છે. હાર્ટના રોગના ખતરાને ઘટાડવામાં તેમા રહેલા ઉમેગા-૩ તત્વો ઉપયોગી છે. આ ઉપરાંત તે એલડીએલ કોલેસ્ટ્રોલ પ્રમાણને પણ ઘટાડે છે. સાથે સાથે એચડીએલનું પ્રમાણ વધારે છે. એનડીએલ કોલેસ્ટ્રોલ ખરાબ કોલેસ્ટ્રેલ તરીકે ગણવામાં આવે છે. તે સારા કોલેસ્ટ્રોલના પ્રમાણને વધારે છે. ફીશ ઓઈલ હાર્ટ સ્ટ્રોકને ટાળવામાં પણ ઉપયોગી સાબિત થાય છે. ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ફીશ ઓઈલ હાઈપર ટેન્શનની સારવારમાં પણ ઉપયોગી બની શકે છે. આ ઉપરાંત સ્લીમ રહેવમાં પણ મદદરૂપ બને છે. અભ્યાસમા જાણવા મળ્યુ છે કે વજન ઘટાડવામાં તેની ભુમિકા છે. નિયમિત પ્રમાણમાં ફીશ ઓઈલને ઉપયોગમાં લેવામાં આવે તો ખૂબ જ અસરકારક સાબિત થઈ શકે છે. અસ્થમાં જેવી શ્વાસની તકલીફ ધરાવતા લોકોને ફીશ ઓઈલ ખાવાથી ફાયદો થાય છે. સંશોધકોએ કહ્યું છે કે હાઈફીશ ડાઈટ ઉપર રહેલા બાળકોને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા છે. જુદા જુદા ગ્રુપમાં બાળકોને વિભાજિત કરીને તેમના ઉપર નજર રાખવામાં આવી હતી. હાઈફીશ ડાઈટ ઉપર થોડાક બાળકોને રાખાવમાં આવ્યા હતા. જ્યારે અન્ય બાળકોને નિયમિત ડાઈટ ઉપર રાખવામાં આવ્યા હતા. પરિણામમાં જાણવા મળ્યું કે વધુ ફીશ ખાનાર બાળકો અસ્થમાના ઓછા શિકાર દેખાયા હતા અને તેઓ વધુ સારી રીતે શ્વાસ લઈ શકતા હતા. ફીશ ઓઈલના અન્ય ઘણા ફાયદા છે. ઓમેગા-૩ ફીશ ઓઈલ કેન્સરના સૌથી સામાન્ય સ્વરૂપ પૈકીના ત્રણ સ્વરૂપોને રોકે છે. જેમાં સ્થન કેન્સર અને પ્રોસ્ટટેટ કેન્સરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ખતરનાક સેલોને પણ મારી નાખે છે. ફીશ ઓઈલથી વાળની ખૂબસુરતી અને ચમક વધે છે. ઓમેગામાં એવા તત્વો હોય છે જે વાળના ગ્રોથને વધારે છે તથા હેરલોસને અટકાવે છે. ફીશમાં મોટા પ્રમાણમાં પ્રોટીન તત્વો હોય છે.અત્રે નોંધનીય છે કે ભારતમાં વધતા જતા કેસો વચ્ચે છેલ્લા ૮૨ દિવસોમાં દેશમાં કોરોનાના કેસોની સંખ્યા બે ગણી થઈ ગઈ છે.પાંચ રાજ્યોમાં મોતના આંકડામાં વધારો થયો છે. કોરોનાની બીજી લહેરનો કહેર જારી છે. ગઈ વખતના સર્વોચ્ચ આંકડા કરતા આ આંકડા ૧૦ હજાર વધારે છે. આની સાથે જ મોતના મામલે પણ નવા રેકોર્ડ સર્જાઈ રહ્યા છે. કોરોના લહેર દિન પ્રતિદિન ઘાતક બની રહી છે. તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં કેસોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યોછે. ૩૦મી એપ્રિલના દિવસે ચાર લાખ કેસ સપાટીપર આવ્યા હતા.દિલ્હીમાં સંપૂર્ણ લોકડાઉન લાગુ કરવામાં આવ્યા બાદ સ્થિતીમાં આંશિક સુધારો થઈ રહ્યોછે. જો કે હાલમાં સ્થિતી સુધરી ગઈ છે તેમ કહી શકાય તેમ નથી. ૧૮ રાજ્યો કઠોર નિયમો પાળી રહ્યાછે.




**વિદ્યાર્થીઓ વચ્ચે સ્માર્ટ ફોન અતિ જરૂરી બન્યા છે**

**આજે સ્માર્ટફોનના કારણે કેટલાકપ્રકારની એપ્સ હોવાના કારણે વિદ્યાર્થીઓ તેનાથી પ્રભાવિત રહે છે જેથ વિદ્યાર્થીઓ પેરેન્ટસ સમક્ષ આ પ્રકારના ફોનની માગ કરે છે, મોબાઇલ ફોન પર શિક્ષણ સાથે સંબંધિત એપ્સ દર્શાવીને વિદ્યાર્થીઓ પેરેન્ટસ સમક્ષ સ્માર્ટ ફોન ખરીદી લેવાની માંગ કરે છે**

# સ્માર્ટ ફોન વિદ્યાર્થીઓ માટે જરૂરી છે

**મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જુદી જુદી આકર્ષક એપ્સના કારણે એક પ્રકારના નશાનો શિકાર : કેરિયરને પણ નુકસાન કરી રહ્યા છે**



તાજેતરના સમયમાં જો વિદ્યાર્થીઓના સ્તર પર જોવામાં આવે તો મોબાઈલ ફોન સાથે હોવાની બાબત જરૂરી બની ગઈ છે. કોરોના કાળમાં તો વિદ્યાર્થીઓની સાથે સાથે પેરેન્ટસ પાસે મોબાઈલ ફોન હોવાની બાબત હવે મુળભૂત જરૂરીયાત બની ગઈ છે. બાળકો ભણવા અને રમવા જાય છે ત્યારે પેરેન્ટસને ચિંતા સતાવતી હોય છે. આવી સ્થિતીમાં બાળકોની પાસે મોબાઈલ ફોન હોવાની બાબત જરૂરી બની ગઈ છે. હવે પ્રશ્ન એ ઉઠે છે છે કે વિદ્યાર્થીઓ મોબાઈલ ફોનનો ઉપયોગ કઈ રીતે કરે છે. જો માત્ર પેરેન્ટસની ચિંતા અને બિનસુરક્ષાના કારણોથી મોબાઈલ ફોનના ઉપયોગ અંગે વિચારણા કરવામાં આવે તો આ બાબત વાજબી દેખાય છે. સાથે સાથે આ સમસ્યાને બેઝિક ફોનથી ઉકેલી શકાય છે. જેની કિંમત સામાન્યરીતે એક હજાર રૂપિયા સુધીની હોય છે. તેનો ઉપયોગ કરીને પેરેન્ટસ ક્યારેય પણ વિદ્યાર્થી ક્યાં છે તે અંગે માહિતી મેળવી શકે છે. અથવા તો તેમની સાથે વાતચીત કરીને ખાતરી કરી શકે છે. પરંતુ આજે સ્માર્ટફોનના કારણે કેટલાકપ્રકારની એપ્સ હોવાના કારણે વિદ્યાર્થીઓ તેનાથી પ્રભાવિત રહે છે. જેથ વિદ્યાર્થીઓ પેરેન્ટસ સમક્ષ આ પ્રકારના ફોનની માગ કરે છે. કેટલીક વખત મોબાઈલ ફોન પર શિક્ષણ સાથે સંબંધિત એપ્સ દર્શાવીને વિદ્યાર્થીઓ પેરેન્ટસ સમક્ષ સ્માર્ટ ફોન ખરીદી લેવાની માંગ કરે છે.ધોરણ છથી લઈને ધોરણ ૧૨ સુધીના વિદ્યાર્થીઓ માટે કેટલાક એપ્સ હાલમાં ઉપલબ્ધ રહેલા છે. જેના કારણે વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસમાં કામ કરી શકે છે. પરંતુ આનામાં કેટલાક એપ્સ એવા પણ છે જે વિદ્યાર્થીઓને બીજી તરફ આકર્ષિત કરે છે. આના કારણે તેમના અભ્યાસમાં અડચણો આવવાની શરૂઆત થઈ જાય છે. સોશિયલ સાઈટને લઈને હવે વિદ્યાર્થીઓમાં ક્રેજ સતત વધી રહ્યો છે. આ વયમાં વિદ્યાર્થીઓમાં નવી નવી બાબતો અથવા તો તે કેટલીક નવી ચીજો જાણવા માટેની ઉત્સુકતા રહે છે. કેટલીક વખત તો સ્માર્ટફોન વિદ્યાર્થીઓ માટે એડિક્શન બની જાય છે. આના કારણે તેમના શિક્ષણ પર માઠી અસર થાય છે. જો વિદ્યાર્થી પાસે સ્માર્ટફોન પર ઈન્ટરનેટ કનેક્સન નથી તો પણ તે તે ફ્રેન્ડ સર્કલમાં હોટસ્મોટ અથવા તો વાઈફાય ઝોનમાં જઈને એક્ટિવ મોબાઈલ એપ્સ અથવા તો ગેમ્સ ડાઉનલોડ કરી શકે છે. સોશિયલ સાઈટના એક પ્રકારના નશાના કારણે વિદ્યાર્થીઓ આધુનિક સમયમાં શિક્ષણથી દુર ભાગી રહ્યા છે. કેટલાક વિદ્યાર્થીઓમાં તો વેબસાઈટ પર પોતાના સ્ટેટસને લઈને એક પ્રકારની ટેન્શનની સ્થિતી રહે છે. વિદ્યાર્થી પોતાના સોશિયલ ફ્રેન્ડસને આકર્ષિત કરવામાં લાગી જાય છે. આ સ્થિતીમાં કેટલાક વિદ્યાર્થીઓ તો માત્ર આ દિશામાં જ વિચારતા રહે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે આશરે છ અને નવ મિનિટમાં આ વિદ્યાર્થીઓ પોતાના મોબાઈલ પર મિત્રોની સ્ટેટસ જાણવા માટે પ્રયાસ કરે છે. વિદ્યાર્થીઓમાં પોતાના ફ્રેન્ડસના સ્ટેટસને જાણવા માટે ક્રેઝ સતત વધી રહ્યો છે. એક વખત એક ટીચરે ક્લાસની બહાર આવીને પોતાના મોબાઈલ ફોન પર એક સોશિયલ નેટવર્કિંગ સાઈટ પર સ્ટેટસ ચકાસતા જાણવા મળ્યુ કે તેના એક વિદ્યાર્થીએ પોતાના ક્લાસ રૂમની અંદર સેલ્ફી થોડાક મિનિટ પહેલાજ લીધી હતી. આ વિદ્યાર્થી એજ હતો જે ક્લાસ રૂમમાં પણ હતો. આ એક માનસિક સ્થિતી છે જેના કારણે વિદ્યાર્થી પોતાના કેરિયરને બનાવવા માટેનો સમય ગુમાવી દે છે. આ વયમાં પેરેન્ટસને પણ વિદ્યાર્થી સાથે ખુબ સારા સંબંધ વિકસિત કરવાની જરૂર હોય છે. સાથે સાથે સૌથી મોટી બાબત તો કેરિયર માટેના હેતુ અથવા તો ટાર્ગેટ નક્કી કરવાની બાબત હોય છે. જો વિદ્યાર્થી સંપૂર્ણપણે ધ્યાન કેન્દ્રિત કરે છે તો તેને કોઈ પણ બાબત ટ્રેકથી દુર કરી શકતી નથી પરંતુ જો તેને સ્માર્ટફોન અથવા તો અન્ય કોઈ ટેવ છે તો તેને શિક્ષણમાં તકલીફ થઈ શકે છે. આધુનિક સમયમાં ફોન જરૂરી છે પરંતુ સાથે સાથે તેનો ઉપયોગ યોગ્યરીતે થાય તે જરૂરી છે. કારણ કે કેરિયર બનાવવાના ગાળામાં તેના વધારા પડતા ઉપયોગથી નુકસાન થઈ શકે છે. સ્માર્ટ ફોન રાખવાના મુદે જુદા જુદા લોકોના જુદા જુદા અભિપ્રાય છે. કારણ કે કેટલાક નિષ્ણાંતો અને વાલીઓ સ્માર્ટ ફોનને આધુનિક સમયમાં યોગ્ય ગણે છે. જ્યારે કેટલાક લોકો તેને એક દુષણ તરીકે પણ ગણે છે. દુષણ તરીકે ગણનાર લોકો માને છે કે મોબાઈલ પર શિક્ષણ સાથે સંબંધિત બાબતો નિહાળવાના બદલે વિદ્યાર્થીઓ અશ્લીલતા અને ફિલ્મો તેમજ અન્ય સોશિયલ મિડિયાનો વધારે ઉપયોગ કરી રહ્યા છે.



**ભાગદોડની લાઇફમાં પણ સમય કાઢવાની તાકીદની જરૂર છે...**

**જો કોઇ વ્યક્તિ ઓફિસમાં બેસીને કલાકો સુધી કામ કરે છે તો તેવી વ્યક્તિને દરરોજ કસરત કરવાની જરૂર હોય છે રમત ગમતની પ્રવૃતિ અને અન્ય શારરિક ગતિવિધીઓ આપના લાંબા આયુષ્ય અને સ્વસ્થ જીવનની શક્યતા વધારે છે**

# કલાકો કામ કરનારા લોકો કસરત કરે

**થોડોક સમય પોતાના માટે કાઢવાથી થાક ઓછો લાગે છે અને ગુસ્સો પણ ઓછો આવે છે : શરીરને પુરતા પોષણ પર ધ્યાન પણ જરૂરી**



આધુનિક સમયમાં દરેક વ્યક્તિની લાઈફ ખુબ ભાગદોડ ભરેલી બની ગઈ છે. આધુનિક સમયમાં અમારી પાસે આરામથી એક કપ ચાર પીવાનો પણ સમય નથી. કામના કારણે અમે ચારેબાજુથી જોરદાર રીતે ઘેરાઈ ગયા છીએ. કામના કારણે માનસિક અને શારરિક તકલીફ ઉભી થવા લાગી ગઈ છે. આવી સ્થિતીમાં વ્યસ્ત સમય હોવા છતાં પોતાના માટે થોડોક સમય કાઢવામાં આવે તે જરૂરી છે. સમય પોતાના માટે કાઢવાના કારણે થાક લાગતી નથી. સાથે સાથે ગુસ્સો પણ આવતો નથી. કોઈ પણ વ્યક્તિએ પોતાને સ્વસ્થ રાખવા માટે સમય કાઢવાની જરૂર હોય છે. સેલ્ફ કેયર ટિપ્પસ દરેક વ્યક્તિને ઉપયોગી સાબિત થઈ શકે છે. જુદા જુદા અભ્યાસ દર્શાવે છે કે વર્કહોલિજમ અને મેન્ટલ તેમજ ફિજિકલ ડિસઓર્ડર વચ્ચે સીધા સંબંધ રહે છે. આને ચેતવણી તરીકે ગણીને અમને સાવધાન થઈ જવાની જરૂર છે. કામની સાથે સાથે શરીર પર ધ્યાન આપવાની જરૂર છે. આજના આધુનિક સમયમાં આ બાબત સ્વીકારી શકાય નહી કે આપના શરીરને કેટલા પ્રમાણમાં પોષક તત્વો મળે છે તે બાબતથી દરેક વ્યક્તિ વાકેફ રહે છે. વિટામિનનો ઉપયોગ પોષણ ના વીમા કરવા સમાન છે. જુદા જુદા રોગ પર સારવાર કરવાના નામે જંગી ખર્ચ કરવાના બદલે ડાઈટમાં મલ્ટી વિટામિન પર જંગી ખર્ચ કરવામાં આવે તે જરૂરી છે. મલ્ટી વિટામિન શરીરની તમામ જરૂરીયાત પૂર્ણ કરે છે. જો કોઈ વ્યક્તિ ઓફિસમાં બેસીને કલાકો સુધી કામ કરે છે તો તેવી વ્યક્તિને દરરોજ કસરત કરવાની જરૂર હોય છે. રમત ગમતની પ્રવૃતિ અને અન્ય શારરિક ગતિવિધીઓ આપના લાંબા આયુષ્ય અને સ્વસ્થ જીવનની શક્યતા વધારે છે. નિયમિતરીતે કરવામાં આવતી કસરત આપના શરીરને યોગ્ય રીતે કામ કરવામાં મદદરૂપ બને છે. કામના ગાળા દરમિયાન કરવામાં આવતી કસરત કરવાની ટેવ પાડવાની બાબત ખુબ સારી હોય છે. કારણ કે આના કારણે સાંજે પરિવારના સભ્યો સાથે સમય ગાળી શકાય છે. શરીર અને મન માટે ઓફિસ શ્રેષ્ઠ જગ્યા નથી. તાજી હવા અને તાપનો લાભ લેવા માટે સમય કાઢવાની જરૂર હોય છે. સુર્યપ્રકાશથી મળનાર વિટામિન ડી આપના આરોગ્યને સુધારી દેવામાં મદદરૂપ થાય છે. આવી જ રીતે ખુલ્લી હવામાં કરવામાં આવેલી વોકિંગ પણ ઉપયોગી સાબિત થાય છે. આવી ટેવ પાડીને ટીવી અથવા તો કોમ્પ્યુટરની સામે બેસીને ગાળવામાં આવતા સમયને પોતાની શરીરની કામની પ્રવૃતિમાં લગાવીને શરીરને ફિટ રાખી શકાય છે. ખુલ્લી હવામાં કરવામાં આવતી કસરત અને વોકિંગનો સીધો લાભ મળે છે. આના કારણે એકાગ્રતા વધારે મજબુત થાય છે. એક વખતે શરીર મજબુત બની જવાની સ્થિતીમાં કેટલીક બિમારી તો સીધી રીતે જ ભાગી જાય છે. ઓફિસમાં કામ કરી કરીને થાકી જવાની સ્થિતીમાં રજા માણવાની બાબત પણ સારા વિકલ્પ તરીકે છે.યાત્રાના શૌખીન લોકોએ પ્રવાસ સ્થળો પર જવા માટેના આયોજન કરવા જોઈએ. મિત્રો અથવા તો પરિવારની સાથે સમય ગાળીને ટેન્શનમાંથી બહાર નિકળી શકાય છે. એંકાતમાં ગાળવામા આવતો સમય પણ ઉપયોગી સાબિત થાય છે. આનાથી યાદશક્તિ મજબુત બની જાય છે. એકાંતમાં રહીને પોતાની જરૂરીયાત મુજબ એક શાનદાર ચિત્ર બનાવી શકાય છે. આ પ્રકારના અનુભવ જવાબદારીના લાંબા કલાકથી આરામ આપે છે.વધારે સમય સુધી બેસીને કામ કરવાના કારણે ખુબ થાક લાગે છે. જેના કારણે શરીરમાં દુખાવો થઈ શકે છે. હાડકામાં દુખાવો કેટલાક કારણસર થઈ શકે છે. જેમાં ઓસ્ટિયો આર્થરાઈટિસ, સિકલ સેલ એનિમિયના કારણે પણ દુખાવો થાય છે. સ્નાયુ અને માસપેશિયા ખેંચાઈ જવાના કારણે હાડકામાં દુખાવો રહે છે. આ તમામથી બચવા માટે દરેક ૨૦ મિનિટમાં ઉભા થવાની જરૂર હોય છે. ડેસ્ક પર કામ કરનાર લોકોએ લાંબા સમય સુધી બેસી રહેવાથી બચવાના પ્રયાસ કરવા જોઈએ. ડેસ્ક પર હળવી કસરત જારી રાખવી જોઈએ. નિષ્ણાંતોના કહેવા મુજબ માથાને એકબાજુથી બીજી બાજુએ લઈ જવાથી ફાયદો થાય છે.



**ચીન ક્રૂડ ઓઈલ માટે આયાત પર મુખ્યરીતે આધારિત છે જેથી...**

**ચીન ઘણા દ્વિપને પણ પોતાના હોવાનો દાવો કરે છે પેરેસલ દ્વિપ અને સ્માર્ટલે દ્વિપ પર અન્ય દેશ પોતાના અધિકારની વાત કરે છે જ્યારે કેટલાક દેશ પોતાના નિયંત્રણ ક્ષેત્રના આંશિક હિસ્સ તરીકે તેને ગણે છે**

# ભારતની લૂકઈસ્ટ નીતિ : ચીન હેરાન

**ભારત તેનાથી આગળ નીકળી જશે તેવા ભયથી ચીન સરકાર હાલમાં પરેશાન : તેલ અને ગેસ ભંડાર પર પ્રભુત્વ રાખવાની ખતરનાક ઇચ્છા**



દક્ષિણ ચીન દરિયામાં કોઈની પણ મંજુરી લીધા વગર તેલ અને ગેસના બ્લોકની શોધ ન કરવાની ભારતને ચેતવણી આપીને ચીને પોતાની ખતરનાક નીતિ રજુ કરી દીધી છે. આ ચેતવણીને માત્ર તેની દાદાગીરી તરીકે ગણી શકાય છે. આવી ચેતવણી આપીને તે માત્ર ભારતને દબાણમાં લેવાના પ્રયાસમાં છે જેથી આ ક્ષેત્ર પર તેનું વર્ચસ્વ યથાવત રહે. ભારતની કંપની ઓએનજીસી વિદેશ લીમીટેડ એક્સક્લુઝીવ ઈકોનોમી ઝોન અને વિયેતનામના ક્ષેત્રમાં તેલ અને ગેસની શોધમાં છે. ચીનનો હંમેશા તે દાવો રહ્યો છે કે ચીન દરિયામાં ૮૦ ટકા હિસ્સો તેનો છે. અન્ય દેશ તેમ કે વિયેતનામ, બ્રુનોઈ, મલેશિયા, તાઈવાન અને ફિલીપાઈન્સ પણ તેના જળક્ષેત્ર, દરિયાકાંઠાના વિસ્તારો અને દ્વિપ પર પોતાના દાવા કરતા રહ્યા છે. ચીન ભારતની લૂકઈસ્ટ નીતિને લઈને ખૂબ જ પરેશાન છે. ચીનની નારાજગીનું એક કારણ એ છે કે તેને મોદી સરકાર દ્વારા બનાવવામાં આવેલી નવી નીતિ લૂક ઈસ્ટ પસંદ પડી રહી નથી. તેને આ બાબતનો ભય સતાવી રહ્યો છે કે ભારતનું પડોશી દેશોમાં જે સન્માન છે તે આનાથી વધી જશે. અન્ય દેશ ચીનથી એટલા માટે પણ ભયભીત રહે છે કે કોઈ સમયે તેઓ ડ્રેગનનો હિસ્સો ન બની જાય. અહીં આ બાબત મહત્વપૂર્ણ છે કે આ ક્ષેત્ર વિશ્વના સૌથી વ્યસ્ત દરિયાઈ માર્ગ તરીકે છે. વિશ્વના ૫૦ ટકાથી વધુ તેલ ટેન્કરો આ રસ્તે થઈને જ પસાર થાય છે.

મુખ્ય બાબત એ છે કે ચીન પોતાના ક્રૂડ ઓઈલ માટે આયાત પર વધારે આધારિત છે. જેથી તે ત્યાં પોતાની ગતિવિધિ વધારી રહ્યું છે. શિપીંગની દ્રષ્ટિએ પણ આ રસ્તો ખૂબ મહત્વપૂર્ણ છે. ભારતની ઉપસ્થિતિથી તે આ કારણસર ચિંતત છે કે ભારત તેનાથી આગળ ન નીકળી જાય. જો ભારત હતાશ થશે તો અન્ય દેશ પહેલાથી જ નબળા પડી જશે તેવી ગણતરી તે કરી રહ્યું છે. આ જ કારણસર ચીને કહ્યું છે કે સરહદી વિવાદનો ઉકેલ આવવાથી આ ક્ષેત્રને સંયુક્ત વિકાસને પ્રત્સાહન મળશે. આ બાબત કોઈનાથી છૂપાયેલી રહી નથી કે અહીં દક્ષિણ ચીન દરિયામાં તેલ અને ગેસના વિશાળ ભંડાર ઉપલબ્ધ છે. યુએસ એનર્જી ઈન્ફરમેશન એડમિનિસ્ટ્રેશન દ્વારા જે અહેવાલ આપવામાં આવ્યો છે તે મુજબ સાત અબજ બેરલથી વધુ તેલ ભંડાર અને નવ હજાર ટ્રિલિયન ફૂલ કુદરતી ગેસના ભંડાર રહેલા છે. આ આંકડા તેલ માટે દુનિયામાં બીજા સમૃદ્ધ દેશની લાઈમાં ભારત અને અન્ય દેશોને લાવી શકે છે. ચીન ઘણા દ્વિપને પણ પોતાના હોવાનો દાવો કરે છે. પેરેસલ દ્વિપ અને સ્માર્ટલે દ્વિપ પર અન્ય દેશ પોતાના અધિકારની વાત કરે છે જ્યારે કેટલાક દેશ પોતાના નિયંત્રણ ક્ષેત્રના આંશિક હિસ્સ તરીકે તેને ગણે છે. ચીન આ મુદ્દાના સમાધાન માટે આ ક્ષેત્ર પર દાવા કરનાર દેશોથી સામુહિક રીતે વાતચીત કરવાનો પણ ઈન્કાર કરે છે પરંતુ તે અલગ અલગરીતે આ દેશો સાથે વાતચીત કરવા ઈચ્છુક છે જે તેની ખતરનાર રણનીતિ દર્શાવે છે.વર્ષ ૨૦૧૩માં ફિલિપાઈન્સે સંયુક્ત રાષ્ટ્ર ટ્રિબ્યુનલમાં ચીનને કાયદાકીયરીતે પડકાર ફેંક્યો હતો. ફિલિપાઈન્સે એવી રજુઆત કરી હતી કે ચીનનો આ કોઈ કાયદાકીય અધિકાર નથી. આના જવાબમાં ચીને કહ્યું હતુ કે સંયુક્ત રાષ્ટ્રની મધ્યસ્થતાને તે ક્યારે સ્વીકાર કરશે નહીં અને તેમાં ભાગ પણ લેશે નહીં. ચીન આ ક્ષેત્રને આંતરરાષ્ટ્રીય જળક્ષેત્ર તરીકે સ્વીકારવાનો ઈન્કાર કરે છે અને આને પોતાના ક્ષેત્ર તરીકે ગણે છે. અમેરિકાના સંરક્ષણ મંત્રી કાર્ટરે પણ ગયા સપ્તાહમાં ચીનને ચેતવણી આપતા કહ્યું હતુ કે દક્ષિણી દરિયાઈ ક્ષેત્રમાં ચીનની ગતિવિધિથી પ્રશાંત ક્ષેત્રમાં અસ્થિરતાને પ્રોત્સાહન મળશે. અમેરિકાનું એમ પણ કહેવું છે કે આંતરરાષ્ટ્રીય કાયદા મુજબ માનવ નિર્મિત દ્વિપને ચીનના દરિયાઈક્ષેત્ર તરીકે ગણી શકાય નહીં. કેટલાક લોકો અમેરિકન સંરક્ષણમંત્રીના આ નિવેદનને ભારત તરફી નિવેદન તરીકે ગણાવે છે. વાસ્તવિકતા એ છે કે ચીન પોતાની ગતિવિધિથી પાકિસ્તાન, શ્રીલંકા, નેપાળ જેવા દેશો પર પોતાની પક્કડને મજબુત બનાવી ભારતને ભીંસમાં લેવા ઈચ્છુક છે. અમેરિકાની સાથે મિત્રતા રાખનાર ભારતને લઈને તે ચિંતિત છે.



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

